જીજીઆરસી/એમઆઈએસ/સ્પષ્ટતા/સુધારેલ પદ્ધતિ/૨૦૧૮-૧૯ તા. ૩૦/૦૪/૨૦૧૮

પ્રતિશ્રી,
તમામ એમઆઈએસ સપ્લાયરોનાં સ્ટેટ ઇન્ચાર્જ

વિષય: જીજીઆરસી ના પરિપત્ર નં. જીજીઆરસી/એમઆઈએસ/રિવાઇઝ્ડ પ્રોસીઝર/૨૦૧૮-૧૯, એપ્રિલ ૩૦, ૨૦૧૮ ના સંદર્ભમાં વિશેષ સ્પષ્ટતા.

**સરકાર શ્રી ની સહાય યોજના અંતર્ગત સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિ અપનાવવા માટે ખેડૂતો ની અરજીની પ્રક્રિયા આઇ.ટી. સોફ્ટવેર સિસ્ટમ ના ઉપયોગથી વધુ વિશ્વાસપાત્ર અને પારદર્શિતા થી થઈ શકે તે માટે ઉપરોક્ત પરિપત્રથી સુધારેલી કાર્ય પ્રણાલી તા. ૦૧/૦૪/૨૦૧૮ થી અમલમાં મુકેલ છે.**

ઉપરોક્ત પરિપત્રનાં સંદર્ભમાં અત્રેની કચેરીને ખેડૂતો તેમજ સપ્લાયર કંપનીઓ દ્વારા લેખિત તેમજ ટેલિફોન દ્વારા કેટલાક મુદ્દાઓની અર્થઘટનમાં વિસંગતતાઓ બાબતે રજૂઆતો મળેલ છે, જે અંગેની મુદ્દાવાર વિશેષ સ્પષ્ટતા નીચે મુજબ છે.

મુદ્દા નં. ૧.૨ / **એનેક્ષર -૧ નાં મુદ્દા નં. ૧૭** : પાણીના સ્ત્રોત અંગેના પુરાવા બાબતે

એમઆઇએસ સપ્લાયર અરજદાર ખેડૂત પાસેથી પાણીના સ્ત્રોત માટે નીચે દર્શાવેલ સાધનિક દસ્તાવેજ માથી એમઆઇએસ કેસની ફાઇલ સાથે કોઈપણ એક દસ્તાવેજ જમા કરાવવાનો રહેશે.

- 7 અને 12 જમીન મહેસૂલ દસ્તાવેજ જેમાં જળ સ્ત્રોત નો ઉલ્લેખ થયેલ હોય તો ફોર્મ નં.૧૬(પાણી પત્રક) ની જરૂર નથી,

અથવા

- 7 અને 12 જમીન મહેસૂલ દસ્તાવેજ જેમાં જળ સ્ત્રોત નો ઉલ્લેખ થયેલ ન હોયતો, તલાટી/મંત્રી દ્વારા જારી કરવામાં આવેલ ફોર્મ ન. ૧૬ (પાણીપત્રક) રજૂ કરવાનું રહેશે. વિશેષમાં સ્પષ્ટતા કરવાની કે ફોર્મ નં. ૧૬ પર રાઉન્ડ સિક્કાની જરૂરિયાત નથી.

  અથવા

- ખેડૂત પાસે પાણીના સ્ત્રોત રેવન્યુ રેકર્ડમાં નોંધાયેલ ન હોય, પરંતુ પાણીનો સ્ત્રોત ખેતરમાં ઉપલબ્ધ હોય તો ખેડૂત અને એમ આઈ એસ સપ્લાયર કંપનીએ સંયુક્ત રીતે બહેધરી પત્રક આપવાનું રહેશે અને સાથે સપ્લાયર કંપનીએ પાણીના સ્ત્રોતનો ફોટો ગ્રાફ રજૂ કરવાનો રહેશે.

જો પાણીના સ્રોત અંગેની માહિતી પછીના કોઈપણ તબક્કે ખોટી જણાશે તો એમઆઇએસ સપ્લાયર ને તે માટે જવાબદાર ગણવામાં આવશે.



રજીસ્ટર્ડ ઓફીસ: ફર્ટીલાઇઝરનગર ટાઉનશીપ, પો. ફર્ટીલાઇઝરનગર, જિ. વડોદરા–૩૯૧ ૭૫૦
ફોન: +૯૧ ૨૬૫ ૨૨૪૩૦૬૯, ફેક્સ: +૯૧ ૨૬૫ ૨૨૪૧૬૮૫, ઇ–મેઇલ: info@ggrc.co.in, વેબ સાઇટ: www.ggrc.co.in
CIN No.: U63020GJ1998PLC035039

હરિત ક્રાંતિ

મુદ્દા નં. ૧.3 (i) (b) (૯) / **એનેક્ષર -૧ નાં મુદ્દા નં. ૧૫ : સંયુક્ત ખેડૂત ખાતેદારોના કિસ્સામાં, અરજદાર ખેડૂતે બાકીના ખેડૂત ખાતેદારોના રજૂ કરવાના સંમતિ પત્ર અંગે :**

અરજદાર ખેડૂત, તેમજ અન્ય સંયુક્ત ખેડૂત ખાતેદારોએ સમતિ પત્ર આપવાનું રહેશે અને એમ આઈ એસ સપ્લાયર કંપનીએ બાહેધરી રૂપે તેમાં સહી સિક્કા કરી રજૂ કરવાનું રહેશે

અથવા

અરજદાર ખેડૂતે રૂ.૨૦/- નાં નોન જ્યુડિશિયલ સ્ટેમ્પ પેપર પર નોટરાઇઝ્ડ સમતિ પત્ર રજૂ કરવાનું રહેશે.

મુદ્દા નં. ૧.3 (i) (b) (૧૪) / એનેક્ષર -૧ નાં મુદ્દા નં. ૧૯ : અરજદાર ખેડૂત ના બેન્ક ખાતા ને લગતા દસ્તાવેજો ની સ્પષ્ટતા :

નીચે ના માથી કોઈ પણ એક દસ્તાવેજ નું બિડાણ કરવું.

I. રાષ્ટ્રીયકૃતબેંક/ શેડ્યૂલબેંક /સહકારીબેંક/પોસ્ટઓફિસ વિગેરે નાં ચાલુ બચત ખાતાની પાસબૂક નાં ફક્ત પ્રથમ બે પાનાં જેમાં ખેડૂત નું નામ, બેન્ક નું નામ, બેન્ક ની શાખા નું નામ, બેન્ક ખાતા નંબર, આઇએફએસ કોડ વિગેરેનો સ્પષ્ટ રીતે ઉલ્લેખ હોય તેવી નકલ. તાજેતરના છેલ્લા વ્યવહાર નું પાનું જોડવું ફરજિયાત નથી.

અથવા

II. અરજદાર ખેડૂત નાં બચત ખાતાનો રદ કરેલ ચેક

અથવા

III. અરજદાર ખેડૂતનાં બચત ખાતાનો તાજેતરનું સ્ટેટમેન્ટ

મુદ્દા નં.૧.3 (i) (d) / **એનેક્ષર-I મુદ્દા નં. ૨૨ અને ૨૩ :**

**અનુસુચિત જનજાતિ ના અરજદાર ખેડૂત દ્વારા રજૂ કરવાના થતાં સાધનિક કાગળો**

૧. સુચિત (notified) આદિજાતિ વિસ્તારના **અનુસુચિત જનજાતિ** ના અરજદાર ખેડૂત માટે

(અ). રેવન્યુ દસ્તાવેજ ૭ /૧૨ માં 73AA અથવા 73A દર્શાવેલ હોય તો તલાટીનાં દાખલાની જરૂરિયાત રહેતી નથી.

અથવા

(બ). ૭ /૧૨ માં 73AA અથવા 73A નો ઉલ્લેખ થયેલ ન હોય તો અનુસુચિત જનજાતિ નું પ્રમાણપત્ર (મામલતદાર કે સક્ષમ સત્તા ધરાવતા સરકારી અધિકારી દ્વારા જારી કરવામાં આવેલ) રજૂ કરવાનું રહેશે.

૨. પોકેટ વિસ્તારના અનુસુચિત જનજાતિ ના અરજદાર ખેડૂતો માટે :

(અ) પ્રયોજના વહીવટી અધિકારી નો ભલામણ પત્ર

(બ) રેવન્યુ દસ્તાવેજ ૭ /૧૨ માં 73AA અથવા 73A દર્શાવેલ હોય તો તલાટીનાં દાખલાની જરૂરિયાત રહેતી નથી.

અથવા

(ક) ૭ /૧૨ માં 73AA અથવા 73A નો ઉલ્લેખ થયેલ ન હોય તો અનુસુચિત જનજાતિ નું પ્રમાણપત્ર (મામલતદાર કે સક્ષમ સત્તા ધરાવતા સરકારી અધિકારી દ્વારા જારી કરવામાં આવેલ) રજૂ કરવાનું રહેશે.

એમઆઈએસ સપ્લાયર કંપનીઓએ ખેડૂતોને ઉપરોક્ત બાબતે જ્યારે અરજી મેળવે ત્યારે જ યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવું તથા દસ્તાવેજો મેળવવામાં ખેડૂતોને સહાયભૂત થવું.

આભાર સહ
ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપની લિમિટેડ

ચીફ (એડી,એઆઇ & એમઆઇએસ)

નકલ:

(1) તમામ એમઆઇએસ સપ્લાયરના સીઇઓ:
(2) તમામ જીજીઆરસી યુનિટ હેડ્સ